શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા – ગ્રથાંક : ૪૦૬

# શ્રી મૌન એકાદશી વ્રત કથા

હાલાર દેશોદ્ધારક

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાના

પટ્ટધર પ્રાચિન સાહિત્યોદ્ધારક

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**

ની દીક્ષા ૫૦ વર્ષ ઉજવણી નિમિત્તે

લાભ લેનાર

**શ્રી પુલીનભાઈ રાજેન્દ્રભાઈ શાહ**

અમદાવાદવાળા – બેંગ્લોર

: પ્રકાશિકા :

**શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા**

લાખાબાવળ–શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રન્થાંક - ૪૦૬

શ્રી મહાવીર જિનેન્દ્રાય નમઃ
શ્રી મણિબુદ્ધ્યાણંદહર્ષકર્પૂરામૃતસૂરિભ્યો નમઃ

# શ્રી મૌન એકાદશી વ્રતકથા

❖ સહાયક ❖

*પૂ. આ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની*

૫૦ વર્ષ દીક્ષા પર્યાય ગોલ્ડન જ્યુબીલી નિમિત્તે

**શ્રી પુલીનભાઈ રાજેન્દ્રભાઈ શાહ**

અમદાવાદવાળા, બેંગલોર

❖ પ્રકાશિકા ❖

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રન્થમાલા

લાખાબાવળ, શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

**પ્રકાશિકા : શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા**

**લાખાબાવળ**

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર-૩૬૧૦૦૫, ફોન : ૨૭૭૦૯૬૩

| વીર સં | વિક્રમ સં | સન્ | ચોથી આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૩૦ | ૨૦૬૦ | ૨૦૦૪ | નકલ ૧૦૦૦ |

## પ્રકાશકીય

અમારી ગ્રન્થમાળા તરફથી **પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ના દીક્ષા ૫૦ વર્ષ સુવર્ણ મહોત્સવ નિમિત્તે આ પુસ્તિકા પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તિકાનું સંપાદન **પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.** એ કર્યું છે.

આ પુસ્તક પ્રગટ કરવા માટે ગુરુ પ્રેમી **શ્રી પુલીનભાઇ રાજેન્દ્રભાઇ શાહ** - અમદાવાદવાળા, હાલ બેંગલોરવાળાએ લાભ લીધો છે. તેની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

તા. ૧-૪-૨૦૦૪
લાખાબાવળ (સૌરાષ્ટ્ર)

દેવચંદ પદમશી ગુઢકા
વ્યવસ્થાપક
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

## પ્રાસંગિક

સંસારમાં ચાર ગતિનું ભ્રમણ કરતા જીવને જ્યારે જિનેશ્વર દેવની વાણીનો બોધ થાય છે ત્યારે સંસારથી છૂટવાનું મન થાય છે. સંસારથી છૂટવા ધર્મ કરે છે તે જ ધર્મ છે. સંસારના સુખ માટે ધર્મ કરે છે તે સંસારના ફલ માટે બને છે.

શ્રી કૃષ્ણ મહારાજાએ ભગવાન શ્રી નેમિનાથજીને કહ્યું કે મારે ધર્મ નિરંતર થઈ શકે તેમ નથી તો મને એવો દિવસ બતાવે કે એક દિવસ ધર્મ કરૂં અને બહુ મોટો લાભ થાય.

ભગવાને મૌન એકાદશી માગશર સુદ - ૧૧નો દિવસ જણાવ્યો. તે દિને ભરત ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં મળીને ૯૦ જિનના દોઢસો કલ્યાણક છે. તે દિનની આરાધનાથી મહાન લાભ થાય છે. શ્રી કૃષ્ણ વાસુદેવે તે આરાધના કરી અને તેથી પ્રજાએ પણ તે આરાધના કરી જેથી જૈન જૈનતરમાં એ તિથિ પ્રસિદ્ધ થઈ.

વિધિ પૂર્વક મૌન એકાદશીની આરાધના કરવા આ કથા પ્રેરણા આપે છે. સૌ સાધના કરી મોક્ષ પામો એજ અભિલાષા.

વિ. સં. ૨૦૬૦
મહા સુદ-૧૩, બુધવાર,
તા. ૪-૨-૨૦૦૪

– જિનેન્દ્રસૂરિ

૨૪૨, આશીર્વાદ,
બી-૮મો રોડ,
બસવેશ્વરનગર, બેંગલોર.

હાલારા દેશોદ્ધારક

## પૂ. આ .શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના

પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક

# પૂ.આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.


**જન્મ** : વિ. સ. ૧૯૯૦ પોષ સુદ-૨, લાખાબાવળ

**દીક્ષા** : વિ. સ. ૨૦૧૦ જેઠ સુદ-૧૧ - વેરાવળ
*દીક્ષા દાતા*
*પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.*

**વડી દીક્ષા** : વિ. સ. ૨૦૧૧ પોષ વદ - ૧૧, લાખાબાવળ
*વડી દીક્ષા દાતા-*
*પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.*

**ગણીપન્યાસ પદ** : વિ. સ. ૨૦૨૩ પોષ સુદ-૧૦, લીંબડી
પદ દાતા -
*પૂ. પં. શ્રી રાજેનદ્ર વિજયજી ગણિવર*

**આચાર્ય પદ** : વિ. સ. ૨૦૩૮ વૈશાખ સુદ-૩, જામનગર
પદ દાતા -
*પૂ. આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.*



# શ્રી મૌન એકાદશી વ્રત કથા

હાલાર દેશોદ્ધારક

પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજાના

પટ્ટધર પ્રાચિન સાહિત્યોદ્ધારક

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.**

ની દીક્ષા ૫૦ વર્ષ ગોલ્ડન જયુબિલી ઉજવણી નિમિત્તે



પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

# શ્રી મૌન એકાદશી/વ્રત કથા

શ્રી મહાવીર સ્વામીને વાંદી નમસ્કાર કરીને શ્રી ગૌતમસ્વામી પૂછતાં હતાં કે હે ભગવન! હે અનંત જ્ઞાનવંત! માર્ગશિર શુકલ એકાદશીનો પૌષધ કરે તેનું શું ફલ થાય? એમ પૂછવાથી પ્રભુ મહાવીર કહેતાં હતાં કે હે ગૌતમ ! સાંભળ.

એક વખત પ્રસ્તાવે દ્વારિકા નગરીને વિષે શ્રી નેમિનાથ ભગવાન સમોસર્યા. તેમને શ્રીકૃષ્ણજી ત્રણ પ્રદક્ષિણા દઈ વિનયપૂર્વક વંદન કરી પર્ષદામાં બેઠા અને ભગવંતે દેશના દીધી. દેશના સમાપ્ત થયા પછી શ્રીકૃષ્ણજી પૂછવા લાગ્યા કે હે સ્વામિન્ ! વર્ષના ત્રણસો સાઠ દિવસ થાય છે, તે સર્વમાં એવો કયો દિવસ છે કે જે દિવસમાં અલ્પ વ્રત તપ પ્રમુખ કરવા છતાં પણ તે દિવસ બહુ ફલ આપનારો થાય?

ત્યારે ભગવાન કહેતા હતા કે હે કૃષ્ણ! માર્ગશિર સુદિ અગિયારશને દિવસે અલ્પ પૂણ્ય કરવાથી પણ બહુ પુણ્ય થાય તેથી એ પર્વ સર્વ પર્વોમાંહે ઉત્તમ છે, માટે તે આરાધવા યોગ્ય છે, કેમ કે એ દિવસે આ ભરત ક્ષેત્રમાં અઢારમા શ્રી અરનાથજીએ દીક્ષા લીધી છે, તથા એકવીશમા શ્રી નેમિનાથજીને કેવલજ્ઞાન ઉપજયું છે તથા ઓગણીશમા શ્રી મલ્લિનાથજીનો એ દિવસે જન્મ થયો છે, વળી દીક્ષા પણ એ જ દિવસે લીધી છે તથા કેવલજ્ઞાન પણ એજ દિવસે ઉપજયું છે. એમ પાંચ કલ્યાણક એજ ક્ષેત્રમાં એજ ચોવીશીમાં તીર્થંકરોનાં થઈ ગયા છે, તેવાં પાંચ ભરત તથા પાંચ ઐરવત મલી

દશે ક્ષેત્રમાં પાંચ પાંચ થઈ ગયાં છે, સર્વ મલી પચાસ કલ્યાણક થયાં. તે વર્ત્તમાન ચોવીશીનાં ગણવાં, તેમજ અતીત ચોવીશી તથા અનાગત ચોવીશીનાં પણ પચાસ પચાસ ગણવા. ત્યારે દોઢસો કલ્યાણક થાય. માટે એ અગીયારસને દિવસે જો એક ઉપવાસ કરીએ તો દોઢસો ઉપવાસનો લાભ થાય તેથી એ દિવસે ઘર સંબંધી સાંસારિક કાર્ય કરવાનો ત્યાગ કરે, તેમજ બીજા જે પોતાના દાસ દાસીઓ હોય તેમને પણ અનુમતિ એટલે આજ્ઞા આપે નહીં, અને મૌનપણે રહી ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી જ્યણા સહિત અહોરાત્ર આઠ પહોરો પોસહ કરે. તેમાં ધર્મવિચાર, ધર્મકથા, ધર્મચર્ચા પ્રમુખ ગુરુ સંઘાતે તથા સાધર્મી સંઘાતે ગાઢે સ્વરે કરે, તથા ગાઢે સ્વરે શાસ્ત્ર ભણે, ગણે, સજ્ઝાય કરે તો તેથી મૌનવ્રતનો ભંગ થાય નહીં, પરંતુ સાવદ્ય વચન બોલે નહીં, વિકથા કરે નહીં. એ રીતે આહટ્ટ દોહટ્ટ વર્જી પોસહ કરીને પારણાને દિવસે ગુરુની પાસે પૌષધ પાળી પછી જ્ઞાન પુસ્તક પૂજી, દેરાસરે જઇ, શ્રી જિનેશ્વર આગળ નાળીયેર, સોપારી આદિક ઉત્તમ ફલ ઢોઈને પૂજા કરે. પછી પોતાને ઘેર આવી સાધુ સંવિભાગ કરી એટલે સાધુને વહોરાવી સ્વામીભાઇને જમાડી તેમની વિશેષ ભકિત કરી પારણું કરે. એવી રીતે એ તપ અગીયાર વર્ષ પર્યંત કરે. અગીયાર વર્ષને છેડે શ્રી જિનેશ્વર આગળ પકવાન્ન, ફલ, ધાન્યાદિક સર્વ અગીયાર વાનાં ઢોક્વાં. તથા જો સામર્થ્ય ન હોય તો પણ જઘન્યથી અગીયાર શ્રાવક તો જરૂર જમાડવા તથા શ્રી સંઘનું પૂજાવાત્સલ્ય કરવું. અગીયાર અંગ લખાવવાં ઈત્યાદિક યથાશકિત ઉજમણું કરવું, તેથી મોટો લાભ થાય. તે માર્ગશિર સુદિ અગીયારશનો દિવસ આવતી કાલે

છે, એવું ભગવાને કહ્યું છતાં ફરી શ્રી કૃષ્ણજીએ પૂછ્યું કે હે ત્રિભુવનનાથ! પૂર્વે કયા પુણ્યવંત જીવે એ અગીયારસનું આરાધન કર્યું? અને તેથી તેને કેવાં કેવાં ફલ પ્રાપ્ત થયા? તે કૃપા કરી કહો. ત્યારે ભગવાન કહે છે કે હે વાસુદેવ! સાંભળ.

ધાતકી ખંડના દક્ષિણ ભરતાર્દ્ધને વિષે ચોરાશી ચૌટાં અને અનેક દાનશાલાએ કરી શોભિત એવું વિજયપુર નામે નગર છે. તે નગર ગઢ, મઢ, ગોખ, જાળીએ કરી બિરાજમાન છે, પ્રત્યક્ષ દેવલોક સમાન છે. તેમાં અનેક વ્યાપારી ઘણાં ધનવંત સુખી લોક વસે છે. ત્યાં નરવર્મા નામે રાજા રાજ્ય કરે છે. તે રાજા મહાન્યાયવંત, ગુણવંત, દાતા, ભોક્તા, પ્રજાને પાલનાર, પ્રજાનો ભય ટાલનાર, શત્રુનો મદ ગાલનાર, એવો મહા પરાક્રમી છે. તેની ચંદ્રાવતી નામે ભાર્યા છે, તે પણ મહા સ્વરૂપવાન, ચંદ્રમાં સરખા શીતલ પરિણામવાળી, શીલ ગુણે કરી શોભાયમાન ચોસઠ કલામાં પ્રવીણ છે અને રાજાને અત્યંત વલ્લભ છે.

તે નગરમાં સૂર નામે શેઠ મોટો વ્યવહારી વસે છે, તે પણ ઋદ્ધિવંત મોટી સંપદાનો ધણી, દેવ ગુરુનો પરમ ભક્તિવંત અને રાગી છે. એક વખત પ્રસ્તાવે તે સૂર શેઠે ગુરુને પૂછ્યું જે- હે સ્વામિન્! જે ધર્મથી કર્મ ક્ષય થાય એવો ધર્મ મુજને કહો. ત્યારે ગુરુએ મૌનએકાદશીનો મહિમા તેની આગળ કહ્યો. તે સાંભળી સૂર શેઠે પણ કુટુંબ સહિત માર્ગશિર સુદિ એકાદશીનું તપ કરવા માંડયું. વિધિપૂર્વક અગીયાર વર્ષ પર્યંત તે તપ કર્યું. પૂર્ણ થવાથી સર્વ પ્રકારે વિસ્તારથી ઉજવાણું કર્યું. સ્વામિવાત્સલ્ય, સંઘપૂજા કરી. પછી અનુક્રમે

આયુષ્ય પૂર્ણ થવાથી તે તપના પ્રભાવે કરી અગીયારમા આરણ્યદેવલોકે એકવીશ સાગરોપમને આઉખે દેવતાપણે ઉપજ્યો.

ત્યાં દેવતાની સંપદા ભોગવી આયુ પૂર્ણ થયે ત્યાંથી ચ્યવીને આ જંબુદ્વીપના ભરતને વિષે સૌરીપુર નગરમાં સમુદ્રદત્ત શેઠની પ્રીતિમતી સ્ત્રીને ઉદરે પુત્રપણે આવી ઉપજ્યો, ત્યારે તેની માતાને વ્રત પાળવાની ઈચ્છા થઈ. અનુક્રમે સવા નવ માસે ગર્ભસ્થિતિ પૂર્ણ થવાથી પુત્રનો જન્મ થયો. મધ્ય રાત્રે બાલકનું નાલ છેદીને તે નાલને દાંટવા માટે પૃથ્વી ખોદી, ત્યાં ખોદતાં ખોદતાં તેમાંથી નિધાન નીકળી આવ્યું. તે નિધાન લઈને માતા પિતાએ મોટો જન્મહોત્સવ કીધો, ઘણું દાન દીધું, પુરમાંહે મોટો યશ લીધો, બારમે દિવસે સર્વકુટુંબ પરિવારને અશન પાન, ખાદિમ, સ્વાદિમ જમાડીને પ્રથમ ગર્ભ રહ્યાથી માતાને વ્રત પાળવાની ઈચ્છા હતી, માટે તે બાલકનું સુવ્રત એવું નામ દીધું.

પછી તે બાલક પાંચ ધાવે કરી લાલતાં પાલતાં સંભાલતાં જયારે આઠ વર્ષનો થયો ત્યારે માતા પિતાએ તેને ભણવા યોગ્ય જાણીને શુભ દિવસે શુભ મુહૂર્ત્તે નિશાળગરાણું કરી મોટે ઉત્સવે નિશાળ ભણવા મોકલ્યો. તે બાલક જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી સમસ્ત કલામાં પ્રવીણ થયો. પછી અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો, ત્યારે તેના પિતાએ તેને મોટા વ્યવહારીઆની અગીયાર કન્યાઓ પરણાવી. તેના નામ કહે છેઃ- ૧. શ્રીકાંતા, ૨. પદ્મા ૩. લક્ષ્મી, ૪. ગંગા, ૫. તારા, ૬. ગૌરી, ૭. રંભા, ૮. ગંગાવતી ૯. પદ્માવતી, ૧૦. પદ્મિની, ૧૧. રતી. એ અગીયાર કન્યાનું સમકાલે પાણિગ્રહણ કરાવ્યું. તે સર્વ મહારૂપવંત દેવકન્યા સમાન છે, તેમની સાથે સંસાર સંબંધી

પંચેન્દ્રિયનાં વિષયસુખ ભોગવતો રહે છે.

એક વખત સમુદ્રદત્ત શેઠે વિચાર્યું જે મારો પુત્ર હવે ઘરનો ભાર નિર્વહન કરવા યોગ્ય થયો છે, એમ ચિંતવી સુવ્રતને ઘરનો ભાર ભલાવી પોતે શ્રાવકનો ધર્મ સાચવવામાં સાવધાન થયો. સામાયિક, પડિક્કમણું, પોષહ શીલવ્રત, દાન, પૂણ્ય, તપ પ્રમુખ ધર્મક્રિયા કરતો વિચરહે છે. છેવટ અનશન કરી મરણ પામી દેવલોકે ગયો. પાછળ સુવ્રત શેઠ અગીયાર કોટી ધનનો ધણી થયો. લોકમાંહે માનનીય થયો.

અન્યદા પ્રસ્તાવે તે નગરના ઉદ્યાનમાંહે શીલસુંદર નામે આચાર્ય આવી સમોસર્યા. તે આચાર્ય કેવા છે? તો તેઓ ચાર જ્ઞાન સહિત છે, પાંચ ઈન્દ્રિયના વિષયને જીત્યા છે, નવ વાડ સહિત બ્રહ્મચર્યના પાલનાર, ચાર કષાયના ઝીપક, પંચ મહાવ્રતના પાલક, પંચાચારના પાલનહાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ધરનાર, છત્રીસ ગુણે કરી બિરાજમાન, અનેક ભવ્ય જીવોને ધર્મોપદેશ આપી ધર્મને વિષે દઢ કરનાર, મનના સંદેહનાં ટાલનાર, જ્ઞાનલોચનના દાતાર, અજ્ઞાનતિમિરના ટાલનાર, મોક્ષમાર્ગના દેખાડનાર છે તે અનેક સાધુના પરિવારે પરવર્યા વનમાં ઉતર્યા છે.

હવે તેમની વનપાલકે આવીને તરત રાજાને વધામણી દીધી કે મહારાજ! આપના ક્રીડાવનમાંહે ગુરુ પધાર્યા છે. એવી વાત સાંભળીને જેમ મેઘના આગમનથી મોર રલિયાત થાય તેમ રાજા રલિયાત થયો, અને વનપાલકને વધામણીમાં ઘણું દ્રવ્ય આપીને વિસર્જન કર્યો. પછી રાજા ઘણા હસ્તિ, ઘોડા, વાજિંત્ર પ્રમુખના આડંબર સહિત પોતાના પરિવારને સાથે લઈ નગરલોકનાં વૃંદ સહિત મુનિને વાંદવાને અર્થે

ચાલ્યો. સુવ્રત શેઠ પણ ગુરુને વાંદવા આવ્યો.

પછી ત્યાં મુનિશ્વરે પણ સર્વ પર્ષદાની આગળ ધર્મોપદેશ દેવા માંડયો. ત્યાં માર્ગશિર સુદિ અગીયારશનું વ્યાખ્યાન દીધું. તે સુવ્રત શેઠે સાંભળ્યું. તેનો ઉહાપોહ કરતાં તેને જાતિ સ્મરણજ્ઞાન ઉપજ્યું. તે જ્ઞાને કરી પૂર્વ ભવ સાંભર્યો જે હું પોતે અગીયારશનું તપ આરાધીને આરણ્યદેવલોકે ગયો. ત્યાંથી ચ્યવીને અહીંયા હું સુવ્રત શેઠ થયો છું. એમ વિચારી ઉભો થઈ બે હાથ જોડી કહેવા લાગ્યો- કે હે ભગવન! મને જે આજ્ઞા કરવા યોગ્ય હોય તે કહો.

ત્યારે ગુરુએ પણ તેમજ પૂર્વ ભવની વાત કહી સંભળાવી, અને કહ્યું કે તેં પૂર્વ ભવમાં મૌનએકાદશીનું તપ કર્યું હતું અને હમણાં પણ એ જ તપ કર. એથી તું મોક્ષનાં સુખ પામીશ.

તે સાંભળી કુટુંબ સહિત મૌનઅગીયારસનું તપ આદર્યું. એકાદશીને દિવસે કુટુંબ સહિત મૌનપણે રહી અહોરત્તો ચઉવિહાર પોસહ કરે. એક વખત ચોર લોકોએ સાંભળ્યું જે સુવ્રત શેઠ મૌન અગીયારસને દિવસે કુટુંબ સહિત મૌન રહીને પોસહ કરે છે, તેથી ચોરની ધાડ આવી તે શેઠનું ધન લેવા ઘરમાં પેઠી, પણ રાત્રિ પડી હતી, તેને યોગે કાંઈ સુઝે નહીં, તેથી ચોરોએ અગ્નિ આણી ઉદ્યોત કરી માલ લૂંટી લેવા માંડયો.

તે વખતે શેઠ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભો છે, તેણે ચોરોને દીઠા અને મનમાં વિચારવા લાગ્યો જે- મારુ ધન ચોરી લઈ જાય છે તે તો ભલે લઈ જાઓ, પરંતુ એણે અગ્નિ પ્રગટાવ્યો છે, તે મારા ઔદારિક શરીરના યોગે અગ્નિકાય જીવો હણાય છે, તેની વિરાધના મારાથી

થાય છે. એમ વિરાધના સંબંધી પશ્ચાત્તાપ કરતો મનમાં ચઢતે પરિણામે ધર્મધ્યાન નિશ્ચલ ચિત્તથી ધ્યાવે છે.

એવા સમયે ચોરોએ પણ ધન લઈને ચાલવા માંડયું, પરંતુ શેઠના ધર્મપસાયથી શાસનદેવતાએ ચોરોને ચિત્રામણની પેરે થંભી રાખ્યા, તેથી ચોરો ત્યાં જ નિશ્ચલ થઈ ઉભા રહ્યા. એમ કરતાં પ્રભાત થયું ત્યારે શેઠ કુટુંબ સહિત ધર્મશાલાએ જઈ ગુરુની આગળ પોસહ પારી, જ્ઞાનની પૂજા કરી, વ્યાખ્યાન સાંભળી દેરે જઈને શ્રી જિનેશ્વરને વિધિપૂર્વક વાંદી પૂજીને ઘેર આવ્યા. ત્યાં ચોરોને તેમના તેમજ ઉભા દીઠા. લોકો તે વાત જઈ રાજા આગળ કહી, જે સુવ્રત શેઠને ઘેર ચોર લોકો ચોરી કરવા પેઠા હતા તે થંભાઈ ગયા છે. તે સાંભળી રાજાએ તે ચોરોને પકડી લાવવા માટે સુભટો મોકલ્યા. તેને આવ્યા જોઈ શેઠ મનમાં ચિંતવવા લાગ્યા જે એ ચોરોને રાજા હણશે, દુઃખ ઉપજાવશે તો મહાઅનર્થ થશે. એવો કરૂણભાવ ચોરોની ઉપર આણ્યો, તેથી શેઠના તપના પ્રભાવથી રાજાના સુભટો પણ થંભાઈ ગયા. તે પણ ચોરોની પેઠે હાલી ચાલી શકે નહીં. તે વ્યતિકર લોકોના મુખથી રાજાએ સાંભળ્યો ત્યારે સપરિવારે રાજા પણ ત્યાં આવ્યો. એટલે સુવ્રત શેઠ સામો જઈ રૂડાં વસ્ત્ર આભૂષણ ભેટ કરી હાથ જોડી રાજાને ચરણે નમીને ચોરનું અભયદાન માંગ્યું, ત્યારે રાજા પણ ઘણો પ્રસન્ન થઈને તે ચોરોની તકસીર માફ કરી.

પછી શેઠ ચોરોને કહ્યું કે તમે સુખે તમારે ઘર જાઓ, એ મ કહી શીખ દીધી. શેઠની મરજી જાણી શાસનદેવતાએ પણ ચોર તથા સુભટને સ્તંભનથી મુક્ત કર્યા ત્યારે સહુ પોતપોતાને સ્થાનકે ગયા.

તલારરક્ષક પ્રમુખ સર્વ લોક જૈન ધર્મ પાળવા લાગ્યા. શ્રી જિનશાસનનો મહિમા વધ્યો. રાજા પણ વિસ્મય પામ્યો.

વળી એક વખત મૌનએકાદશીને દિવસે શેઠ પોતાના ગૃહને વિષે પૌષધ લઈ મૌનપણે કાઉસ્સગ્ગે ઉભા છે, તે અવસરે નગરમાં અગ્નિનો પલેવાણો લાગ્યો. તે દેખીને સર્વે લોક કોલાહલ કરવા લાગ્યાં, અને અગ્નિ તો સર્વ નગરીમાં પ્રસરી ગયો. શેઠને પાડોશી લોકો બુમ પાડી કહેવા લાગ્યાં કે - હે શેઠજી! તમો જલદી ઘરથી બહાર નીકળી આવો, હઠ ન કરો. તે સાંભળી શેઠ તો કુટુંબ સહિત કાઉસ્સગ્ગ કરતાં ત્યાં જ રહ્યા. લગાર માત્ર પણ અગ્નિથી બીના નહીં. ત્યાં ધર્મના પ્રભાવથી શેઠના ઘર, હાટ, વખારો અને શેઠની ઉપભોગ્ય વસ્તુ તથા જિનભવન અને પૌષધશાળા એ સર્વને ટાળીને શેષ સર્વ નગર બળી ભસ્મ થયું.

જ્યારે પ્રભાત થયું ત્યારે સુવ્રત શેઠનો માલ સર્વ અગ્નિમાંથી ઉગર્યો જોઈને સર્વ નગરવાસી જનો શેઠનો ધન્યવાદ બોલવા લાગ્યા. તે વાત રાજાએ પણ સાંભળી અને હાથી, ઘોડા, મનુષ્ય રથ પ્રધાન, સામંતાદિક પરિવાર પ્રમુખ સાથે લઈ રાજા પોતે શેઠનું ઘર જોવા માટે આવ્યો, ત્યારે સર્વ માલ અખંડ રહ્યો દેખી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો. શેઠે પણ રાજાને આવ્યો જાણી તેની આગળ ભેટ મૂકી, મોતીના થાળથી વધાવ્યો. રાજાએ પણ શેઠની ઘણી પ્રશંસા કરી અને કહ્યું કે- તુજને ધન્ય છે, તું આ નગરનું આભરણ છો એમ કહી રાજાએ શેઠને તથા તેની અગીયાર સ્ત્રીઓને ઘણાં વસ્ત્ર, અલંકાર પહેરાવી, માન મહત્ત્વ આપી, શેઠને મળી રાજા પોતાને મંદિરે ગયો. નગરલોક સર્વ શ્રી જૈન ધર્મની પ્રશંસા

કરવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે અહો! જૈન ધર્મનો મહિમા પ્રત્યક્ષ નયણે દીઠો.

તપ પૂર્ણ થયાથી શેઠે ઉજમણું કર્યું. લાડવા પ્રમુખ પકકવાન્ન સર્વ અગીયાર અગીયાર ઢોક્યા, તથા અગીયાર પ્રકારના ધાન્ય અને ફળ ઢોઈ તપશુધ્ધ કરી સ્વામિવાત્સલ્ય સંઘ પૂજાદિક બીજા પણ ઘણાં ધર્મકાર્ય કર્યાં. પછી જે અગીયાર સ્ત્રીઓ હતી તે પ્રત્યેક સ્ત્રીને અગીયાર અગીયાર પુત્ર થયા તેમને પરણાવ્યા, તથા અગીયાર પુત્રીઓ થઇ તેને પણ પરણાવી. અનુક્રમે તે સુવ્રત શેઠ મહા ઋધ્ધિવંત થયા. નવાણું ક્રોડ સોનૈયા ઉપાર્જન કરી ધનવાન થઈ દાન પૂણ્ય કરવા લાગ્યા.

વૃધ્ધાવસ્થા થવાથી એક વખત શેઠે મનમાં વિચાર્યુ જે મેં આજ પર્યંત ગૃહસ્થનો ધર્મ પાળ્યો, મૌનએકાદશીનું તપ પૂર્ણ કરી ઉજમણું પણ કર્યુ, તો હવે જો ગુરુ પાસેથી દીક્ષા લઇ શુધ્ધ ચારિત્ર પાળું તો મારો જન્મ સફળ થાય. એવો મનોરથ મનમાં ઉપજ્યો ત્યારે સર્વ પરિવારને પૂછી તેમની આજ્ઞા લીધી.

એવામાં શેઠના પૂણ્યયોગે ફરી ત્યાં ચાર જ્ઞાનના ધણી એવા ગુણસુંદર નામના આચાર્ય પધાર્યા. તે મુનિ છત્રીશ ગુણે કરી સહિત, ધન ધાન્યાદિ પરિગ્રહ રહિત, ચારિત્ર, નિર્મલ ગાત્ર, છક્કાયના પીયર, ક્રોધાદિ કષાય તથા આઠ મદના ટાળનાર, પાંચ વિષયના ઝીપક, મિથ્યાત્વનિવારક શુધ્ધ ક્રીયાના કરનાર, બેંતાલીશ દોષ રહિત આહારના ગવેષનાર, સમતાના ઘર, ગુણરયણાકર, એવા આચાર્ય આવી સમોસર્યાં. તેમને શ્રાવકોએ હર્ષે કરી વધાવ્યા. રાજા પ્રજા સર્વ વાંદવા ગયાં. ગુરુએ પણ સર્વ સભાજનોને ધર્મોપદેશ દેવા માંડયો.

તેમાં સંસારનું અનિત્યપણું દેખાડવા લાગ્યા. તે જેમકે –

હે ભવ્ય જીવો! દશ દૃષ્ટાંતે પામવો દુર્લભ એવો આ મનુષ્યાવતાર પામીને કેવલિભાષિત, અહિંસાલક્ષણ, વિષયનું મૂળ એવો જે ધર્મ, તેને વિષે સહુએ આદર કરવો. તે સર્વ સાવદ્ય ત્યાગથી સર્વ વિરતિરૂપ ચારિત્ર ધર્મ સંપજે છે, માટે જે પ્રાણી વિષયસુખની લાલચથી ઘુણાક્ષર ન્યાય પામવો દુર્લભ એવો મનુષ્યભવ પામીને તેને પ્રમાદ સેવન કર્યાથી હારી જાય છે તે જીવ સંસારમાં ઘણો કાળ ભટકશે. અરે જીવ! તું એકલો આવ્યો, એકલો જઈશ! અને માતા, પિતા, પુત્ર, કલત્ર સર્વ સંબંધીઓ સ્વાર્થે મળ્યા છે. સ્વાર્થ પૂર્ણ થવાથી તે એક ક્ષણમાંહે સ્નેહ દેખાડી અળગાં થઈ જશે, વિલંબ લગાડશે નહીં માટે આ સંસાર તે પતંગના રંગ સમાન છે. જેવો સંધ્યાનો રાગ, જેવો વિજળીનો ઝબકાર ચંચલ છે, અને જેમ તેને વિસરાલ થતાં વાર લાગતી નથી તેવું આ સંસારનું સુખ પણ ચંચલ છે, તેથી વિણસતાં વાર લાગે નહીં. સંસારમાં જીવ આરંભ અને પરિગ્રહના પ્રસંગથી પરભવે દુઃખી થાય છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ ઈત્યાદિક અનેક કષ્ટ ભોગવે છે. વળી નરક તિર્યંચ ગતિમાં અનેક પ્રકારે છેદન ભેદનાદિક દુઃખ પામે છે, માટે સંસારમાં અલ્પ સરસવ સમાન તો સુખ છે, અને મેરૂપર્વત સમાન દુઃખ છે,પણ જીવ અજ્ઞાનને યોગે મદિરાપાન કર્યાની પેરે ઘેલો થઈ ગયો છે, મુંઝાઈ ગયો છે, તેથી સંસારને સારભૂત માની એમાં જ તલ્લીન થઈ રાચી રહ્યો છે, પરંતુ જે પ્રાણી સમસ્ત વસ્તુ ઉપરથી મૂર્ચ્છા ઉતારી શ્રીવીતરાગે પ્રરૂપેલા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનું આરાધન

કરશે તે પ્રાણી સર્વ દુઃખથી મુક્ત થઈને પરંપરાએ જન્મ–જરા, મરણ રહિત એવા મોક્ષ સંબંધી સુખને પામશે.

એવો આચાર્યના મુખથી ઉપદેશ સાંભળીને સુવ્રત શેઠ સંસારથી ભય પામ્યા. ઉદ્વેગચિત્ત થઈ ઉભા હાથ જોડીને ગુરુને કહેવા લાગ્યા કે જે હે ભગવન! હવે હું આપની પાસે દીક્ષા લઈશ, આપ અહીં રહેજો. ગુરુએ કહ્યું જે હે દેવાણુપ્પિયા! જેમ તમારા આત્માને સુખ ઉપજે તેમ કરો, 'મા પડિબંધ કરેહ' પ્રતિબંધ કરશો નહીં. પછી ગુરુની આજ્ઞા લઈ શેઠ પોતાને ઘેર આવ્યા અને મોટા પુત્રને ઘર ભળાવી સમજાણ આપી ઘણું દ્રવ્ય સાત ક્ષેત્રે ધર્મ સ્થાનકે વાપરી, યાચકજનોને દાન દઈ, માન મહત્વ લઈ, શુભ મુહૂર્ત જોઈ, હજાર માણસ વહન કરે એવી સહસ્રાવાહિની નામની પાલખીમાં બેસી પોતાની અગીયાર ભાર્યા સહિત સંવેગભાવે ગુરુ પાસે આવીને પંચ મહાવ્રત ઉચર્યા. પછી સુખે સંયમ પાળવા લાગ્યા.

બસો છઠ્ઠ, એક સો અટ્ઠમ, દસમ, દુવાલસ, પક્ષક્ષમણ, માસક્ષમણાદિ, ચાર વાર ચોમાસી, યાવત્ અને એક વાર છમાસી પર્યંત ઘણાં તીવ્ર તપ કરતાં આત્માને પ્રતિભાવતા થકા વિચરે છે. એક વખત સુવ્રત સાધુ મૌનએકાદશીને દિવસે મૌનવ્રત ધારણ કરી કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા છે, તે સમયે કોઈ એક મિથ્યાદષ્ટિ વ્યંતર દેવતા તેમના તપ થકી ક્ષોભ પમાડવાને માટે ત્યાં આવીને કોઈ એક સાધુના શરીરમાં કોઈ રીતે શમી જાય નહીં એવી કારમી અત્યંત આકરી વેદના ઉપજાવી. વળી તે દેવતા પોતે પણ સાધુના શરીરમાં સંક્રમ્યો, તેના બળે કરી સાધુ પણ સુવ્રત મુનિ કાઉસ્સગ્ગમાં ઉભા છે તેની પાસે


આવીને કહેવા લાગ્યો કે - હે સુવ્રત ઋષિ! તમે ઉપાશ્રયથી બહાર જઈને કોઇ શ્રાવકના ઘરથી ઔષધ લઈ આવો કે જેથી મારી વેદના શમી જાય. તમે શરીરે નીરોગી છો અને હું તો વેદનાથી પીડા પામું છું, માટે મારાથી જઇ શકાય તેમ નથી. એવું સાંભળી સુવ્રત મુનિએ વિચાર્યું જે આજ મેં મૌનવ્રત લીધું છે; માટે મારાથી કોઇની સાથે બોલાશે નહીં. વળી ઉપાશ્રયથી બહાર જવાનો પણ નિયમ લીધેલ છે, માટે બહાર જવાય તેમ નથી. એવી ચિંતા કરે છે એવામાં તો સાધુએ રીસ ચઢાવી ઓઘો લઇને સુવ્રત સાધુના માથામાં માર્યો, પણ તેથી સુવ્રત મુનિને કોપ ન ચઢયો, પરંતુ ઉલટી ક્ષમા આણીને વિચાર્યું જે એ સાધુ પીડા પામે છે, અને હું એનું કામ કરી શકતો નથી, એમ ચિંતવતા શુકલ ધ્યાન ધ્યાવતા ક્ષપકશ્રેણીએ ચઢી ઘાતિકર્મ ક્ષય કરીને કેવલજ્ઞાન પામ્યા. દેવતાએ મોટો મહોત્સવ કર્યો. પૃથ્વીને વિષે વિચરી અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી ધર્મ પમાડી ઘણાં વર્ષ સુધી કેવલ પર્યાય પાળી, છેવટે અનશન ઉચ્ચરી સુવ્રત સાધુ મોક્ષપદ પામ્યા. તેમ બીજા પણ ભવ્ય જીવો એ તપનું આરાધના કરી આ ભવે અનર્ગલ ઋદ્ધિ ભોગવી પરંપરાએ મોક્ષસુખ પામે. એ સંબંધી શ્રી નેમીશ્વર ભગવાનના મુખથી સાંભળીને કૃષ્ણ વાસુદેવ ધર્મને વિષે ઉદ્યમવંત થયા, જેથી તીર્થંકર ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું. એ સંબંધ શ્રી મહાવીરસ્વામીએ શ્રી ગૌતમ ગણધર આગળ કહ્યો. તે સાંભળી ઘણા ભવ્ય જીવો મૌનએકાદશીવ્રત આરાધવાને ઉજમાલ થયા.

*।। ઈતિ મૌનએકાદશી કથા સંપૂર્ણ ।।*

હાલારના પ્રાચીન તીર્થ

# મોડપર તીર્થની યાત્રા કરો

જામનગરથી ૪૩ કિ.મી., મોડપર સ્ટેશનથી ૧ કિ.મી.




## મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથજી

## પાછળ રંગમંડપમાં શ્યામવર્ણા ૯૯ ઈંચના

## શ્રી શત્રુંજય કેશરીયા આદિનાથજી